ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# સત્તાનું એક વર્ષ 'કહીં ખુશી કહીં ગમ' ઓફિસોમાં 'કરપ્શન' રોકી શકાયું નથી

## વિવાદથી પર છતાં પડકારો વિશેષ- પહેલાં પંચાયત પછી એસેમ્બલી

ગુજરાતના ૧૫મા અને પ્રથમ મહિલા ચીફ મિનિસ્ટર આનંદીબેન પટેલ તેમના શાસનનું એક વર્ષ પૂર્ણ કરવા જઈ રહ્યા છે. ૨૨ મી મે ૨૦૧૪માં તેમણે સત્તાના સુકાન સંભાળ્યા હતા. તેઓ સરકારી કચેરીઓમાં અછત વર્તાય છે. શાસનના બાકી રહેલા બે વર્ષમાં હજી ઘણી મજલ તેમણે કાપવાની છે. વિરોધીઓનો સામનો કરીને પાર્ટીના પ્રદેશ નેતાઓ તેમજ કાર્યકર્તાઓને ખૂશ રાખવાના છે. સપ્ટેમ્બર

## ગુજરાત સરકારે શરૂ કરેલી ૨૪ યોજનાઓ ભારત સરકારે અપનાવી છે



## સી.એમ.ના સ્વભાવની મુખ્ય લાક્ષણિકતા - ભેદભાવ વિના પ્રત્યેકને મળે છે




ભાજપની સરકારના પાંચમા ચીફ મિનિસ્ટર છે. શાસનના એક વર્ષમાં તેમની સિદ્ધિઓ અનેક છે પરંતુ સાથે સાથે શાસનની નબળાઈ પણ એટલી જ છે. કડવા સત્ય સાથે કહેવું પડે તેમ છે કે સરકારી ઓફિસોમાં થઈ રહેલા ભ્રષ્ટાચારને તેઓ ઘટાડી શક્યા નથી. એન્ટી કરપ્શન બ્યુરો તરફથી સરેરાશ રોજનો એક કિસ્સો સરકારી ચોપડે નોંધાય છે. નરેન્દ્ર મોદીની સરખામણીએ બ્યુરોક્રેસી તેમજ પોલીસ દળમાં હજી જોઈએ તેવી પક્કડ ધરાવી શક્યા નથી.

**મહિલા સશક્તિકરણ ઉત્તમ કામ ...**

શાસનના બાર મહિનામાં તેમણે મહિલા સશક્તિકરણ અંગે ખૂબ કામ કર્યા છે. ક્રાઈમ રેટ ઘટાડવાના પ્રયાસો ભલે ના રહ્યા હોય મહિલા પરના અત્યાચારને અટકાવી શક્યા છે. ગુજરાતની ૪૮ પર્સન્ટ મહિલાઓની અપેક્ષા સંતોષવાનો તેમનો પ્રયાસ સરાહનિય છે, છતાં મહિલા રોજગારીની અને ઓક્ટોબરમાં આવી રહેલી પંચાયતની ચૂંટણીઓ તેમના માટે પહેલો પડકાર છે અને બીજો પડકાર ૨૦૧૭ની એસેમ્બલી ચૂંટણી છે.

**વાયબ્રન્ટ સમિટ એક અચિવમેન્ટ ...**

'મોસાળમાં' જમવાનું અને મા પિરસનાર હોય તો જોવાનું શું રહે... નવી દિલ્હીમાં ભાજપની સંપૂર્ણ બહુમત ધરાવતી સરકાર છે અને નરેન્દ્ર મોદી તે સરકારના વડા છે તેથી ગુજરાતના પડતર પ્રશ્નોમાં વિલંબને સ્થાન નથી. ગુજરાતના વિકાસ માટે આ એક પ્લસ પોઈન્ટ છે. નર્મદા યોજના નો પ્રશ્ન હલ થયો છે. ઔદ્યોગિક વિકાસની અડચણો દૂર થઈ છે. ગુજરાતના હિસ્સાની આર્થિક મદદ મળતી રહે છે. આનંદીબેનનું સૌથી મોટું અચિવમેન્ટ વાયબ્રન્ટ ગુજરાત ઈન્વેસ્ટર્સ સમિટ ૨૦૧૫ રહી છે. વિશ્વના દેશોમાં ગુજરાતને બહુ મોટું પ્લેટફોર્મ મળ્યું છે. સ્પષ્ટ વક્તા હોવાના કારણે ચીફ મિનિસ્ટર અન્ય રાજયોના

● અનુસંધાન પાન-૭ પર



નોખું વિચારો - અનોખા બનો - ગાંધીનગર કલ્ચરલ ફોરમ આયોજીત અર્ક વ્યાખ્યાનમાળા અંતર્ગત 'નોખું વિચારો - અનોખા બનો' વિષય પર આંતરરાષ્ટ્રીય વક્તા અને બી.એ.પી.એસ.ના સંત પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીએ અદભૂત દષ્ટાંતો સાથે પ્રવચન આપી સૌને મંત્રમુગ્ધ કર્યા હતા.

# વિચારનો સદ્ઉપયોગ કરશો તો વિશાળ બની શકશો : પૂ. બ્રહ્મવિહારી સ્વામી

**ગાંધીનગર કલ્ચરલ ફોરમની અર્ક વ્યાખ્યાનમાળામાં પૂજ્ય બ્રહ્મવિહારી સ્વામીનું નોખા વિચારોવાળું અનોખું પ્રવચન : ગીવ, ફરગીવ એન્ડ બીલીવના સંદેશ સાથે સ્વામીજીએ શ્રોતાઓને મંત્ર મુગ્ધ કર્યા : રોજ સવારે એક વ્યક્તિને 'થેન્ક્યુ' કહો અને રાત્રે સૂતા પહેલા એક વ્યક્તિને 'સોરી' કહો : બાહ્ય પ્રગતિ અને આંતરિક સુખ એ માનવીના વિચારને આધીન છે**

ગાંધીનગર, તા. ૧૭

માણસની ઓળખની મજબુતાઈ એ વિચાર છે. વિચારવાની ક્ષમતા વિશે વિજ્ઞાન અને ગ્રંથોમાં ઘણુ બધુ કહેવાયુ છે પરંતુ આપણે તે ક્ષમતાને માત્ર ને માત્ર વિકસાવવાની જરૂરિયાત છે. સારૂ વિચારો અને શ્રેષ્ઠ બનો સાવ સરળ છે.

શ્રીમદ્ ભગવદ્ ગીતાને ટાંકતા ડૉ. બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યુ હતુ કે વિચારની નિર્બળતાથી અર્જુન યુદ્ધ પૂર્વે કેટલો નંખાઈ ચુક્યો હતો ત્યારે ભગવાન શ્રી કૃષ્ણએ તેને માત્ર ને માત્ર વિચાર શક્તિને થોડીક ફિઝ્યોથેરોપી કરી અને અર્જુન એ યુદ્ધમાં વિજયી બન્યો. વિચારોની મજબુતાઈ હોવી જોઈએ.

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજિત 'અર્ક' વ્યાખ્યાન માળા અંતર્ગત બીએપીએસ અક્ષરધામ સંસ્થાના સંત ડૉ. બ્રહ્મવિહારી સ્વામીએ 'નોખુ વિચારો, અનોખા બનો' વિષય પર આપેલા પ્રવચનથી ઉપસ્થિત શ્રોતાઓને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

ડૉ. બ્રહ્મવિહારી સ્વામીએ જણાવ્યુ કે અવકાશયાન ચંદ્ર પર ગયુ ત્યારે જે કોમ્પ્યુટર જે ક્ષમતાનુ વપરાયુ

● અનુસંધાન પાન-૭ પર

# સિવિલ હોસ્પિટલનુ નવુ સંકુલ આગામી માસથી કાર્યાન્વીત

## પી. આઈ. યુ. દ્વારા સંકુલની કામગીરીને આખરી ઓપ આપવા માટે કવાયત

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવું સંકુલ આગામી માસથી સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે

ગાંધીનગર સિવિલ હોસ્પિટલનું નવુ સંકુલ જે નવ માળનું બનાવવામાં આવ્યું છે. તેમાં નવા ઓપરેશન થિયેટર સહિત આધુનિક સુવિધાઓ છે.

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના હાલના જુના સંકુલને તોડી ત્યાં પણ નવુ બિલ્ડીંગ બનાવવામાં આવનાર છે. આ માટેનું પ્લાનીંગ અને નકશાઓ તૈયાર થઈ ગયા હોવાનું જાણવા મળેલ છે.

નવા સંકુલનો કેટલોક હિસ્સો હાલ પીઆઈયુ દ્વારા સિવિલ સત્તાવાળાઓને સોંપવામાં આવ્યો છે. હજુ ચાર મજલાનો કબ્જો સંભાળવાની કામગીરી બાકી હોવાથી સોંપાયો નથી.

છેલ્લે આરોગ્ય કમિશનર શ્રી ગુપ્તાની મુલાકાત પછી નવા સંકુલમાં જે કામગીરી બાકી છે તે સમય મર્યાદામાં પૂર્ણ કરવા તેમજ જે ફરિયાદો કબ્જો સોંપાયેલ હિસ્સો છે તેમાંથી પણ દુરસ્તીનું કામ સમય મર્યાદામાં કરી તાત્કાલિક લેખિતમાં તેમને રિપોર્ટ કરવા જણાવ્યુ હતુ. આને પગલે હવે સિવિલના નવા સંકુલને આખરી ઓપ આપવાની કામગીરી પુરજોશમાં ચાલી રહી છે.

જો કે નવા સંકુલમાં પાણી-ગટરની સમસ્યા તેમજ લિફટના પ્રશ્નો સતત વધી રહ્યા છે. આ ઉપરાંત ઈન્ટરકોમ કોમ્યુનિકેશન સિસ્ટમ પણ હજુ પુરી રીતે ડેવલપ થઈ ન હોવાથી ઘણા પ્રશ્નો છે.

મળતી વિગતો પ્રમાણે આ માસના અંત સુધીમાં આરોગ્ય કમિશનરશ્રીએ આપેલ મુદત પૂર્ણ થઈ રહી છે. બીજી તરફ પી.આઈ.યુ. પણ સિવિલ સત્તાવાળાઓને કબ્જો સોંપવાની બાબતે ઉતાવળમાં હોય તેવી રીતે કામગીરી આટોપવાના મૂડમાં છે.

બીજી તરફ જિલ્લા કલેક્ટર શ્રી રવિશંકર પણ પી.આઈ.યુ.ની કામગીરીથી નારાજ છે અને કબ્જો સંભાળતા પહેલાં તેમને વિશ્વાસમાં લેવા અને સ્વચ્છતા માટે કડક હાથે કામ લેવા માટે આપેલી ચેતવણીને પગલે પી.આઈ.યુ. અને સિવિલ સત્તાવાળાઓ વચ્ચે શાંત યુદ્ધ ખેલાય તેવી શક્યતાઓ પણ નકારાતી નથી. જો કે આગામી માસની મધ્યમાં અથવા તો પ્રથમ સપ્તાહમાં કબ્જો સોંપી શકાય તે રીતે વી.આઈ.યુ. હાલ કામગીરી કરી રહેલ છે.

# કરાઈ કેનાલમાંથી પલ્સર બાઈક મળી આવ્યુ

ગાંધીનગર, તા. ૧૭

કરાઈ નર્મદા કેનાલના પાણીમાં એક પલ્સર બાઈક દેખાતા કેનાલ સિક્યુરીટી ગાર્ડે ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. પોલીસે બાઈક પાણીમાંથી બહાર કઢાવી નંબરના આધારે તપાશ શરૂ કરી છે. બાઈક સાથે કોઈ કેનાલમાં પડ્યુ છે કે કોઈએ બાઈક ફેંકી દીધુ છે તે અંગે પોલીસે તપાસ શરૂ કરી છે.

આજે સવારના અરસામાં કેનાલ સિક્યુરીટી ગાર્ડ પ્રવિણજી ઠાકોરે કરાઈ નર્મદા કેનાલમાં પલ્સર બાઈક જોયુ હતુ અને ચોંકીને ડભોડા પોલીસને જાણ કરી બોલાવી લીધી હતી. ડભોડા પોલીસે અન્ય વ્યક્તિઓની મદદ લઈને કેનાલમાંથી બાઈક બહાર નિકાળ્યુ હતુ. જીજે-૧-એસી-૨૩૪૫ નંબરના આ બાઈકને જપ્ત કરીને પોલીસે નંબરને આધારે વાહનમાલીકની ડીટેઈલ નિકાળવા પ્રયત્ન શરૂ કર્યો છે. આ બાઈક આખુ કેનાલમાં કેવી રીતે પહોંચ્યું તે એક રહસ્ય છે. કેનાલમાં કોઈ બાઈક સાથે પડ્યુ છે કે કોઈએ બાઈકને કેનાલમાં ફેંકી દીધુ છે તે રહસ્ય વાહન માલીકનું નામ મળ્યા બાદ જ ખુલશે. તે માટે ડભોડા પોલીસે તપાસ શરૂ કરી છે.



સ્વચ્છ ગાંધીનગર - સ્વચ્છતા અભિયાન ચાલે છે અને એના સકારાત્મક પરિણામો દેખાય પણ છે... પરંતુ હજુ સાર્વત્રિક અમલીકરણ નથી થઈ શકતું.... ખૂણે - ખૂણે નથી પહોંચી શકાતું... લોકજાગૃતિનો અભાવ, તંત્રના કર્મચારીઓ સમર્પિતભાવનો અભાવ અને ખૂણે-ખાંચરે જામેલા ગંદકીના થર દૂર કરવાની દષ્ટિનો અભાવ... આ તસવીરમાં પ્રતિબિંબિત થાય છે... આ કોઈ ગામડાની તસવીર છે જ નહિ, કોઈ અંતરિયાળ વિસ્તારની તસવીર નથી... આ છે સેક્ટર-૨૬ના બસસ્ટેન્ડની તસવીર... મુસાફરોને બેસવા માટેની સુવિધા આપતું સ્ટેન્ડ કેવી હાલતમાં છે તેની ચાડી ખાય છે... ગંદકીના થર છે... વર્ષોથી જામેલા છે... ન તો સમાજ, ન તો શાસન કોઈએ હટાવવા માટે તસ્દી લીધી જ નથી... આવો નગરના ખૂણે-ખૂણે જામેલા ગંદકીના થરને ઉઠાવવાનો સમય પાકી ચૂક્યો છે... નગરજનો જાગૃત બને, તંત્ર સતર્ક બને અને સૌનો સહિયારો પુરુષાર્થ જ સ્વચ્છ ગાંધીનગરના સ્વપ્નને સાકાર કરી શકશે... **(તસવીર : કશ્યપ નિમાવત)**

# સિવિલ સર્વિસીસમાં જોડાવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહીત કરવા એક્શન પ્લાન ઘડાયો

ગાંધીનગર, તા.૧૭

રાજયની શાળા કોલેજોના વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસીસમાં જોડાવા ઉત્સાહિત થાય તે માટે સનદી અધિકારીઓને શાળા કોલેજોમાં જઈને માર્ગદર્શન આપવા માટેનું સુચન કરવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે.

સામાન્ય વહીવટ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં નવી દિલ્હી ખાતે સિવિલ સર્વિસીસ ડેની ઉજવણી કરવામાં આવી હતી. આ ઉજવણી નિમિત્તે દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહત્વનો સંદેશ આપ્યો હતો તેમજ કેટલાક મહત્વના સૂચનો પણ કર્યા હતાં.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં જ ગુજરાતના ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં રાજયના મુખ્ય સચિવે સીવિલ સર્વિસિસ ડેની ઉજવણી નિમિત્તે વડાપ્રધાને કરેલ સૂચનનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે સિવિલ સર્વિસીસના અધિકારીઓ શાળા કોલેજોના વિદ્યાર્થીઓ સાથે સંપર્ક કેળવે જેમાં પોતાની સેવાના અનુભવો જણાવવા સાથે પોતે સિવિલ સર્વિસિસમાં જોડાવવા તૈયાર કઈ રીતે થયા તે પણ જણાવે કે જેથી કરીને શાળા કોલેજોના વિદ્યાર્થીઓ સિવિલ સર્વિસીસમાં જોડાવા ઉત્સાહિત થવા સાથે તેઓને આ સેવાઓમાં જોડાવા માટે માર્ગદર્શન મળી રહે.

શાળા કોલેજોના વિદ્યાર્થીઓને સીવિલ સર્વિસીસમાં જોડાવવા માટે માર્ગદર્શન આપવામાં તે જરુરી છે કારણ કે દેશની ઉત્કૃષ્ટ માનવ સંપત્તિ સિવિલ સર્વિસીસમાં જોડાય તે હાલના સમયની માંગ હોવાની વાત પર તેમણે ભાર મૂકયો હતો.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ શાળા કોલેજોના વિદ્યાર્થીઓને સિવિલ સર્વિસિસમાં જોડાવા માટે ઉત્સાહીત કરવા સનદી અધિકારીઓ શાળા કોલેજોના વિદ્યાર્થીઓનો સંપર્ક કરે તે માટેનું આયોજન સમાન્ય વહીવટ વિભાગ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગીક વિભાગ દ્વારા ઘડી કાઢવામાં આવનાર હોવાનું જાણવા મળે છે.

હાર્દિક અભિનંદન
કાર્તિકભાઈ પટેલ
ડેપ્યુટી મેયર
ગાંધીનગર મહાનગરપાલિકા
આપની ગાંધીનગર મહાનગરપાલિકામાં ડેપ્યુટી મેયર પદે થયેલ વરણીને અંતરના ઉમળકાથી વધાવીએ છીએ અને ઉત્તરોત્તર પ્રગતિ માટે શુભકામનાઓ...
aawaass
કેતન ધોળુ
આવાસ બિલ્ડકોમ પ્રા. લિ.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના
હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...
અક્ષી
93 761 80003
93 288 9 3535
89 80 10 1515

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

SANGHI CEMENT
Kisan
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK 500
TMT BARS - ISI
BENELAVE BATH FITTINGS
DR. FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફલાવરીંગ
89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535
રંગવાલા ડેકોરેટર્સ
ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

We will make your special moments alive
Wedding Photography & Video
Graphics & 2D-3D Animation
Live Video Coverage
Documentary Film
Ad Film
LED Wall Screen
VINAYAK Video Films
Contact No. : 98248 28169

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com